Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**Most Urgent**

ક્રમાંકઃ એકે/ટેબલેટ/૨૦૧૯૨/૨૦૧૭
તા.૨૫/૯/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રીઓ.
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો.

વિષયઃ– ધોરણ –૧૨ પાસ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ટેબલેટના ફાળાના રૂ.૧૦૦૦/– નું ચુકવણું કરવા બાબત.

શ્રીમાન/શ્રીમતી,

સહર્ષ સાથે જણાવવાનું કે, રાજય સરકારે ચાલુ વર્ષથી ધોરણ ૧૨ પાસ કરી કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રૂા.૧૦૦૦/– ના ટોકન દરથી ટેબલેટ આપવાની મહત્વની યોજના અમલમાં મુકેલ છે. જે અનુસંધાને ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ વિભાગ, ઠરાવ ક્રમાંકઃપરચ/૨૦૨૦૧૪/૧૧૫૧/ગ. સચિવાલય, ગાંધીનગર. તા.૦૭/૦૯/૨૦૧૭ થી સેકશન અધિકારી નરેન્દ્ર વાઘેલા આદિજાતિ વિકાસ વિભાગનાં પત્ર આ સાથે સામેલ છે. જેનો અમલ કરવા વિનંતી.

ઈ.ચા.કુલસચિવ

બિડાણઃ– ઉપર મુજબ

ધોરણ ૧૨ પાસ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ટેબલેટના ફાળાના રૂ.૧૦૦૦/- નું ચૂકવણું કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ પરચ/૨૦૨૦૧૪/૧૧૫૧/ગ.

સચિવાલય, ગાંધીનગર.

તા. ૦૭/૦૯/૨૦૧૭.

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક : શક્ષણ/૨૦૧૪/ ન.બા.૫૬/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૨/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૨/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ

(૪) કમિશનરશ્રી(આ.વિ.)ની તા.૨૯/૦૫/૨૦૧૭ના પત્ર ક્રમાંક:આવિ/શિક્ષણ/ફા.નં.૧૦૫૩ /૨૦૧૭-૧૮/૪૭૪ની દરખાસ્ત

**પ્રસ્તાવના:-**

વંચાણમાં લીધા (૧) ઉપરના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી ધોરણ ૧૨ માં ૭૦ ટકા કરતા વધુ માર્ક્સ મેળવનાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના માતા-પિતા/વાલીની વાર્ષિક આવકને ધ્યાને લીધા સિવાય વિના મૂલ્યે ટેબલેટ સહાયની બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણમાં લીધા (૩) ઉપરના શિક્ષણ વિભાગના ઠરાવથી ધોરણ-૧૨ ની માન્ય બોર્ડની વર્ષ-૨૦૧૭ ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સીટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/- ના ટોકન દરે ટેબલેટ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે સબંધમાં વંચાણમાં લીધા (૪) ઉપરના પત્રથી કમિશનરશ્રી(આ.વિ.)એ આ વિભાગની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની યોજનામાં ૭૦ ટકા કરતા વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૯૦૦૦/- સહાય ચૂકવવામાં આવે છે તેના સ્થાને ૭૦% કરતા વધુ માર્ક્સ મેળવનાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફાળે આપની રૂ.૧૦૦૦/- ની ટોકન રકમ આ વિભાગ દ્વારા ચૂકવવા બાબતે દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે ધોરણ-૧૨ માં ૭૦% કરતા વધુ માર્ક્સ મેળવનાર અનુસૂચિત

જનજાતિના વિદ્યાર્થીઓના માતા-પિતા/વાલીની વાર્ષિક આવકને ધ્યાને લીધા સિવાય આ વિભાગ દ્વારા વિના મુલ્યે ટેબલેટ સહાય આપવાની યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ શિક્ષણ વિભાગની યોજના હેઠળ રૂા.૧૦૦૦/- ફી જમા કરાવેલ હોય તેવા લાભાર્થીઓને તેમણે ભરેલ રૂા.૧૦૦૦/- ની ટોકન ફીનું ચુકવણું આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવશે. આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૬/૦૮/૨૦૧૪ તથા તા.૦૩/૧૨/૨૦૧૫ના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૨/૦૯/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ), બિરસામુંડા ભવન,સેક્ટર-૧૦-એ, ગાંધીનગરને જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
- નાણા સલાહકારશ્રી(આદિજાતિ વિકાસ વિભાગ), બ્લોક નં.૧૧/૩, માળ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- શાખા સિલેકટ ફાઈલ.